# આજે નવી દિલ્હી ખાતે ગરવી ગુજરાત ભવનનું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૧

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આવતી કાલે સોમવારે તારીખ ૨ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના પર્વે નવી દિલ્હીમાં ૭૦૬૬ ચોરસ મીટરના વિશાળ વિસ્તારમાં આકાર પામેલા ગરવી ગુજરાત ભવનનું ઉદઘાટન કરશે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, વિદેશમંત્રી એસ. જયશંકર તેમજ મંત્રીઓ, મહાનુભાવો અને આમંત્રિતો સાંજે ૭ કલાકે પ્રધામંત્રીના હસ્તે થનારા આ ઉદઘાટન વેળાએ ઉપસ્થિત રહેશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નવી દિલ્હીના પ્રવર્તમાન ગુજરાત ભવન ઉપરાંત એક વધારાના ભવનની જરૂરિયાત જણાતાં રાજ્ય સરકારની માંગ મુજબ ભારત સરકારે ૨૫ બી અકબર રોડ પર ૭૦૬૬ ચો. મીટર જમીન આ ભવન માટે ફાળવી આપી હતી.

આ જમીન ઉપર ગરવી ગુજરાત ભવન બે જ વર્ષના ટૂંકા સમય ગાળામાં નિર્માણ પામ્યું છે.

આ નવું ભવન પ્રધાનમંત્રીની સંકલ્પના મુજબ ગુજરાતની આગવી ઓળખ પ્રસ્થાપિત કરનારું બનાવવામાં આવેલું છે.

ગરવી ગુજરાત ભવન નવી દિલ્હીમાં ગુજરાતીઓને માત્ર આવાસ સુવિધા જ નહિ સાથોસાથ ગુજરાતના પારંપરિક હસ્તકલા કારીગીરી કસબની વસ્તુઓનું પ્રોત્સાહન કેન્દ્ર તેમજ પ્રવાસન અને ઔદ્યોગિક રોકાણ માટેનું પ્લેટફોર્મ પણ પૂરું પાડશે.

દિલ્હીવાસીઓ આ ગરવી ગુજરાત ભવનમાં ગુજરાતી ખાન-પાન, વ્યંજનનો આસ્વાદ પણ માણી શકશે તેવું અદ્યતન સુવિધા સભર આ ગરવી ગુજરાત ભવન બનવાનું છે.

# ગાંધીનગર ખાતેથી મતદાર ચકાસણી કાર્યક્રમનો શુભારંભ

## મતદારો પોતાના મતદાર ઓળખ કાર્ડની વિગતોની મોબાઇલ એપના માધ્યમથી ચકાસણી અને સુધારા કરી શકશે

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજય અને જિલ્લા ચૂંટણી અધિકારી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આજરોજ રાજય કક્ષાના મતદાર ચકાસણી કાર્યક્રમ (ઈફૈં)નો શુભારંભ મુખ્ય નિર્વાચન અધિકારી ડૉ. એસ.મુરલીકિષ્ણાના હસ્તે ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યો હતો. આજથી આરંભ થયેલ મતદાર ચકાસણી કાર્યક્રમ તા. ૧૫મી ઓકટોબર, ૨૦૧૯ સુધી રાજયભરમાં ચાલશે.



આ પ્રસંગે રાજયના મુખ્ય નિર્વાચન અધિકારી ર્ડા. એસ. મુરલીકિષ્ણાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી મતદાર યાદીમાં નામ, સરનામા અને અન્ય સુધારા કરવા માટે કેમ્પોનું આયોજન કરવામાં આવતું હતું. તેમજ બી.એલ.ઓ કે મામલતદાર કચેરી ખાતે વિવિધ ફોર્મ ભરીને આ સુધારા કરવામાં આવતાં હતા. જેના પરિણામે મતદાર કાર્ડમાં કોઈ પણ કારણોસર અનેક મતદાર કાર્ડમાં નાની મોટી ક્ષતિ રહી જતી હતી. હવે, ડિજીટલ યુગમાં ભારતીય ચૂંટણી પંચ દ્વારા વોટર હેલ્પલાઇન મોબાઈલ એપ તથા દ્નફજીઁ પોર્ટલ દ્વારા આ ચકાસણી કરવાની સવલતોનો આજથી શુભારંભ કરવામાં આવનાર છે. આ એપ થકી કોઈ પણ મતદાર પોતાના ઘરે બેઠા પોતાની અને પોતા પરિવારના તમામ મતદારોની વિવિધ વિગતોની ચકાસણી કરી શકશે. તેમાં સુધારો કરવા અને તમામ વિગતો બરાબર હોય તો તેને પ્રમાણિત કરી શકે છે.

મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજયએ આ એપ અંગેની જાણકારી વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે માટે સર્વે નાગરિકો અને ત્યાં ઉપસ્થિત સર્વ લોકોને પોતાના વોટસઅપ અને અન્ય સોશિયલ મીડિયાના માધ્યમ થકી વધુને વધુ લોકોને મોકલવાની અપીલ કરી હતી. જે લોકો સ્માર્ટ ફોનનો ઉપયોગ નથી કરતાં, તેવા મતદારો નજીકના ઈ-ગ્રામ સર્વિસ સેન્ટર કે સી.એસ.સી ખાતે જઈને ઓનલાઈન મતદાર કાર્ડની ચકાસણી કરી શકશે. મતદાર નોંધણી અધિકારીઓની કચેરી ખાતે પણ મતદાર સુવિધા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

# વાવોલ સકલ રેસીડન્સી ખાતે તસ્કરો ત્રાટકયા

## તસ્કરો સીસી ટીવીમાં કેદ, તસ્કરો તારની ફેન્સીંગ કુદીને આવ્યા, સ્થાનિક વસાહતીઓમાં ભયનો માહોલ, પોલીસ ફરીયાદ નોંધાતા તપાસ શરુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામની સકલ રેસીડેન્સીના ડી બ્લોકને ગતરાત્રીના રોજ તસ્કરોએ નિશાન બનાવી છે.







### ખેતરના માર્ગે તારની વાડ કુદીને તસ્કરો અંદર પ્રવેશ્યા

સંકલ રેસીડન્સીની પાછળની દિવાલ પાસે ખેતર આવેલા છે ત્યાંથી રાત્રીના સમયે પાંચ તસ્કરો અંદર પ્રવેશ્યા છે. તસ્કરો તારની કાંટાળી વાડ કુદીને અંદર પડ્યા છે. તસ્કરો અંદર આવતા અને જતા સીસીટીવી ફુટેજમાં કેદ થયા છે.

તસ્કરોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી સોનાના દાગીના કિં.રૂ.૪૦ હજાર તેમજ રોકડ રૂ.૨૦ મળીને કુલ રૂ. ૬૦ હજારની ચીજવસ્તુઓની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા છે. બનાવ અંગે મકાન માલિકે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજ, ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

શહેરમાં દિન પ્રતિદિન ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યા છે. પોલીસ દારુ-જુગારીઓને પકડવામાં વ્યસ્ત છે ત્યાં ચોર ટોળકી સરળતાથી પોલીસને થાપ આપી પોતાનું ટાર્ગેટ પુરુ કરે છે. નાઈટ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોરી કરી તસ્કરો પલાયન થઈ જાય છે. ત્યારે પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વાવોલ સંકલ રેસીડન્સી બ્લોક નં. ડી.૨૦૩ ખાતે રહેતા મનીષ હિતેન્દ્રભાઈ પાઠક પોતાના પરિવાર સાથે રહે છે અને કોન્ટ્રાકટર તરીકેનું કામ કરે છે. તેઓ ગત સાંજના ૫.૩૦ કલાકથી કામઅર્થે બહાર ગામ ગયા હતા. ત્યારે ઘરને લોક મારેલું હતું. પરંતુ ચોર ઈસમો સંકલ રેસીડેન્સીની પાછળની બાજુએથી પાંચ જેટલા તસ્કરો તારીની વાડ કુંદીને અંદર આવ્યા હોવાનું સ્પષ્ટ સીસીટીવી ફુટેજમાં જોવા મળે છે. ત્યારબાદ મનિશભાઈના ઘરનો મુખ્ય દરવાજાનું તાળુ તોડીને અંદર પ્રવેશી રૂમમાં મુકેલી તિજોરીમાંથી સામાન તેમજ ચીવસ્તુઓની ચોરી થવા પામી છે. તસ્કરો તિજોરીમાંથી સોનાની બુટી કિ.૧૫,૦૦૦, ચેઈન પેંડલવાળી કિ.૨૫૦૦૦ તેમજ રોકડા રૂ.૨૦ હજાર સહિત કુલ રૂ.૬૦ હજારના મુદ્દામાલની ચોરી થવા પામી છે. જયારે બીજા રૂમના કબાટનો સામાન વેર વિખેર હતો તેમજ ભગવાનના નાના મંદીરમાંથી પણ રૂપીયા લઈ ગયા છે. ચોરીને પગલે સ્થાનિક નાગરીકોમાં ભયનો માહોલ ફેલાયો છે. બનાવ અંગે મકાન માલિક મનીષભાઈને ફરીયાદને પગલે પોલીસે ગુનો નોધી વધુ તપાસ પીએસઆઈ કાળાત ચલાવી રહ્યા છે.

### ફ્રીજમાંથી કાજુ બદામ કાઢીને તસ્કરોએ નાસ્તો કર્યો

ઘરમા પ્રવેશી ચોરી કરીને તસ્કરો હીંચકા પર બેઠા હોય તેમ લાગી રહ્યું છે. તસ્કરના સેન્ડલ પણ હીંચકા પરથી મળી આવ્યા છે. જયારે ફ્રીજમાંથી ડ્રાયફ્રુટનું બોક્ષ નીકાળીને કાજુ બદામનો નાસ્તો કરીને બોક્ષ બહાર મુકીને ચોરી ઈસમો ફરાર થઈ ગયા હતા.

# લૂંટના ગુનામાં નાસતા-ફરતા આરોપીને એસઓજીએ દબોચી લીધો

ગાંધીનગર એસઓજી પોલીસે છેલ્લા ૧૦ વર્ષથી લુંટના ગુનામાં નાસતા ફરતા આરોપીને બાતમીને આધારે છત્રાલ પાસેથી પકડી પાડ્યો છે.ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ અ.હે.કો.રાજેશકુમાર, જગતસિંહ, રાજેન્દ્રસિંહ કલોલ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જગતસિંહ મગનસિંહને બાતમી મળી હતી કે કલોલતાલુકા પોલીસ મથકમાં લુંટના ગુનામાં નાસતો ફરતો આરોપી દાઉદ હસુન સીંધી (ડફેર) (રહે.વિજાપુર પશુદવાખાના પાછળ છાપરામાં,સીંધીવાસ, તા.વિજાપુર જી-મહેસાણા) કેપીટલ ચોકડી છત્રાલ ખાતે આવ્યો છે.જેને પગલે પોલીસે છત્રાલ પાસેથી આરોપીની અટકાયત કરીને એસઓજી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી કલોલ તાલુકા પોલીસ સ્ટેશનને આગળની કાર્યવાહી માટે સોંપેલ છે.



ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામો પાલજ, બાસણ, બોરીજ ગામના ૧૦૦થી વધુ ક્ષત્રિય કાર્યકર્તાઓએ પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની અધ્યક્ષતામાં યોજાયેલ સંગઠન પર્વની સંયુક્ત કાર્યશાળાના કાર્યક્રમમાં કેસરીયો ધારણ કર્યો હતો. આ બેઠકમાં પ્રવક્તા ભરત પંડ્યા, સંગઠ્ન ઈન્ચાર્જ જયસિંહજી ચૌહાણ, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, મેયર રીટાબેન પટેલ, ડે. મેયર નાઝાભાઈ ધાંધર, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ચેરમેન ગુડા આશિષભાઈ દવે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




## રન ફોર આર્મીમાં શહેરના પાંચ દોડવીરોએ ભાગ લીધો

અમદાવાદ શહેરમાં આજે રન ફોર આર્મી યોજાઈ હતી. જેમાં રાજયભરમાંથી ૬૦૦ દોડવીરોએ ભાગ લીધો હતો. આર્મીના જવાનોના ચેરીટી ફંડ માટે આ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ દોડમાં ગાંધીનગર શહેરના જાણીતા બિલ્ડર જગતભાઈ કારાણી, સંજય થોરાત, ડો.કલ્યાણસિંહ ચંપાવત, સંજયસિંહ રાઠોડ, કિરપાલસિંહ ચાવડા, મયુરસિંહ સોલંકીએ ભાગ લીધો હતો. રન ફોર આર્મી મેરેથોન દોડ સિંધુ ભવન રોડ અમદાવાદ ખાતે સમય પહેલા પૂર્ણ કરી હતી જેને પગલે આયોજકો દ્વારા દોડવીરોને મેડલ તેમજ પ્રમાણ પત્ર એનાયત કરાયા હતા.

# શહેરના એક શો રૂમમાંથી દારુની મહેફીલ માણતા પકડાયા હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરના એક વાહનના શો રૂમમાં પોલીસે દરોડા પાડ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આઠથી નવ લોકોને પોલીસ પકડીને પોલીસ ચોકી લઈ ગઈ હતી. આખો દિવસ આ મુદ્દો ચર્ચાનો વિષય રહ્યો હતો. પરંતુ પોલીસ ચોપડે આ અંગે હજુ સુધી કશુ નોંધાયું નથી. શહેરના વાહનના એક શો રૂમમાં નોકરીના ટાઈમ બાદ કેટલાક શખ્સો દારુની મહેફીલ માણી રહ્યા હતા. તે દરમિયાન આ મહેફીલમાં પોલીસે રંગમાં ભંગ પાડ્યો હતો. પોલીસને અચાનક જોઈ મહેફીલ માણનારા હેબતાઈ ગયા હતા. પોલીસે ૮ જેટલા શખ્સોની મહેફીલ માણતા પકડ્યા હતા. પરંતુ આ અંગે કોઈપણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો નથી તે વાત નવાઈ પમાડે છે. મહેફીલ માણતા પકડાયેલા શખ્સોને પોલીસ પકડી પણ ગઈ તેમ મોડીસાંજે નગરમાં લોકમુખે ચર્ચાતુ હતું. પરંતુ પકડાયેલા શખ્સો દારુ પીધેલા હતા કે નહી કે કયા કારણોસર તમામને છોડી દીધા તે બધા પ્રશ્નો વણઉકેલ્યા છે.

# જળસંચયમાં પહેલા ક્રમાંકે આવેલું ગુજરાત પાણીનો બગાડ કરવામાં પણ નંબર વન છે




ગુજરાતમાં જળસંચય અને જળ સંવર્ધનના કામમાં છેલ્લા ત્રણ વર્ષથી પહેલા ક્રમાંકે રહેલું ગુજરાત પાણીનો બગાડ કરવામાં પણ નંબર વનનું સ્થાન મેળવી રહ્યું છે. રાજ્યમાં પીવાય છે અથવા સિંચન થાય છે તેના કરતાં બમણું પાણી વેડફવામાં આવે છે. હકીકતમાં પાણીની કિંમત તેમને સમજાય છે કે જેમને ૪૮ કલાકમાં એક વાર એક કલાક સુધી પાણી મળે છે. રાજ્યમાં સૌથી વધુ પાણીનો બગાડ સિંચાઈમાં થાય છે. ધોરિયામાં વહેતા પાણીનો સૌથી વધુ બગાડ થાય છે. પીવાના પાણીના એક સર્વેમાં આપણે એક ગ્લાસ પાણી પીયે છીએ અને ત્રણ ગ્લાસ પાણી ઢોળી દઈએ છીએ. જળસંચયમાં સરકારે ઉચ્ચકોટીના કામ કર્યા છે પરંતુ તેવા કામ હવે પાણીના બગાડ સામે પણ કરવાની જરૂર એટલા માટે છે કે લોકો માટેના કાયદા અને કાનૂન જ્યાંથી બને છે તે સચિવાલયના વિભાગોમાં પાણીનો બગાડ સૌથી વધુ થઈ રહ્યો છે. આ બગાડ બચીચા કે સુશોભનની આઈટમોમાં નહીં પણ વોશરૂમમાં લિકેજ પાઈપો અને ટપકતાં નળના કારણે થઈ રહ્યો છે. ગાંધીનગરના રહેઠાણ અને સચિવાલયના વિભાગોમાં પાણીના મીટર મૂકવામાં આવે તો આખા શહેરમાં પાણીનો જેટલો બગાડ થાય છે તેટલો બગાડ એક માત્ર સચિવાલયના વિભાગોમાં થાય છે.

**ટ્રાફિક ભંગનો નવો દંડ લોકો ભરી શકશે નહીં...**

## એક કે બે વર્ષમાં ઇલેક્ટ્રિક કાર બજારમાં આવી જશે એવું માનતો વર્ગ વધ્યો છે

૧લી સપ્ટેમ્બરથી ટ્રાફિક ભંગ બદલ દંડની રકમમાં અનેકગણો વધારો થયો છે જે સામાન્ય વ્યક્તિ ભરવા જાય તો તેનો મહિનાનો અડધો પગાર સાફ થઈ જાય તેમ છે. ગુજરાત સરકાર ટૂંક સમયમાં જ નોટિફિકેશન બહાર પાડીને કેન્દ્ર સરકારે નિયત કરેલી દંડની રકમ ગુજરાતમાં વસૂલ કરવા જઈ રહી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું હતું કે અમે ટ્રાફિક ભંગના દરોનો ૧લી સપ્ટેમ્બરથી અમલ કરી દીધો છે પરંતુ તેની ગાઈડલાઈન ટૂંક સમયમાં જાહેર કરાશે. બીજી તરફ ગુજરાતના પાડોશી રાજ્ય મધ્યપ્રદેશની સરકારે આ નવા દરો લાગૂ કરવાનો ઈન્કાર કર્યો છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે કહ્યું છે કે આટલી મોટી રકમનો ભારે દંડ અમારા રાજ્યની જનતા ભરી શકે તેમ નથી તેથી અમે જનતા પર બોજ વધારવા માગતા નથી. આવું જ સ્ટેટમેન્ટ રાજસ્થાનની સરકારે પણ આપ્યું છે. કોંગ્રેસ શાસિત આ બન્ને સરકારો ટ્રાફિક નિયમનના ભંગ બદલ તેમના જૂના નિયમોને ચાલુ રાખશે. કેન્દ્રએ સુધારેલી દંડની રકમ આ બન્ને રાજ્યો અમલી નહીં બનાવે. હેલ્મેટ અને સીટબેલ્ટ નહીં પહેર્યો હોય તો હવે ૧૦૦૦ રૂપિયા, નશો કરીને વાહન ચલાવ્યું હશે તો ૧૦,૦૦૦ રૂપિયા, ભયનજક રીતે ડ્રાઈવિંગ કરવા બદલ ૫૦૦૦ રૂપિયા, લાયસન્સ વિના વાહન ચલાવવા બદલ ૫૦૦૦ રૂપિયા અને ડ્રાઈવિંગ સમયે મોબાઈલ પર વાત કરવા બદલ ૫૦૦૦ રૂપિયાનો દંડ ભરવાનો થાય છે. ગુજરાતના મુખ્યમંત્રીએ આ નવા દરો સ્વિકાર્યા છે તેથી ગુજરાતમાં વાહનચાલકોનું હવે આવી બન્યું, કેમ કે ટ્રાફિક નિયમનના ભંગ બદલ હવે આટલો મોટો દંડ ભરવો પડશે.

**તમને એડીનો દુખાવો છે, તો આટલું કરો...**

ભેળસેળયુક્ત ખોરાક અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરેલી શાકભાજી અને અકુરદતી રીતે પકવેલા ફળો આરોગીને લોકોનું આરોગ્ય કથળતું જાય છે. અત્યારે વર્તમાન જીવનશૈલીમાં નાની ઉંમરે પગની એડીનો દુખાવો મુખ્ય દર્દ ગણાય છે. આ દર્દને હળવું કરવા માટે મેડિકેટેડ ચપ્પલ અને મોજડીનું બજાર ખૂલ્યું છે. રોજનો ૧૦૦૦ કરોડ રૂપિયાનો ધંધો કરતા આ ઓર્થો બૂટ ચપ્પલ બજાર પર કેટલો ભરોસો મૂકવો તે નિશ્ચિત નથી, કેમ કે મોંઘા ભાવના ચપ્પલ, બૂટ અને મોજડી લાંબા અંતરે થયાવત પરિસ્થિતિ સર્જે છે. ગાંધીનગરના

## એડીનું દર્દ સહન કર્યા વિના મીનાબજારના આયુર્વેદ વેપારી ગોપીભાઇને મળો

જૂના સચિવાલયના મીનાબજારમાં આવેલા એક પ્રખ્યાત આયુર્વેદિક સ્ટોરના માલિક ગોપીભાઇ પાસે એડીના દુખાવાનો રામબાણ ઈલાજ છે. ગોપીભાઈએ બતાવેલી અકસીક જડીબુટ્ટીથી તમને ઝડપથી રાહત મળી શકે છે. તમે બાબા રામદેવની મોંઘી આયુર્વેદિક દવાઓથી પણ છૂટકારો મેળવી શકો છે. તમારે ગોપીભાઈની દુકાનેથી કંઈ ખરીદવાનું નથી કે કોઈ રૂપિયા આપવાના નથી. તેમણે બતાવેલી જડીબુટ્ટી તમારા ઘરના રસોડામાં છે. તેણે કહ્યું છે કે બે ચમચી મેથી, અડધી ચમચી સુંઠ, એક ચમચી જીરૂ, બે ચમચી વરિયાળી, અડધી ચમચી અજમો અને અડધી ચમચી સિંધવ (સિંધાલુણ) ને ભેગા કરીને તેનું ચૂર્ણ બનાવીને ભૂખ્યા પેટે સવાર-સાંજ પાણી સાથે બે ટાઈમ લેવાથી એડીના દુખાવાથી એક સપ્તાહની અંદર જ તમને રાહત મળી જશે. ગોપીભાઈના ઘણાં ગ્રાહકોએ આ ઉપચાર શરૂ કર્યા પછી તેઓએ ઓર્થો ચપ્પલ કે બૂટ પહેરવાનું બંધ કરી દીધું છે. તેઓ પેનકિલર દવાઓ પણ લેતા નથી.

**લોકોએ નવી ગાડીઓ લેવાનું બંધ કેમ કર્યું છે...**

આજકાલ ઓટોમોબાઈલ સેક્ટરમાં સૌથી વધુ મંદી જોવા મળી રહી છે. વિવિધ બ્રાન્ડની ગાડીઓ અને ટુવ્હિલર્સની કંપનીઓના વાહનો શો-રૂમમાં દેખાય છે ખરા પણ વેચાતા નથી. આમ થવાનું મુખ્ય કારણ વાહનોની વધતી જતી કિંમત અને લોકોની ઘટતી જતી ખરીદશક્તિ છે. આજે મોબાઈલ વધુ વેચાય છે અને ગાડીઓ વેચાતી નથી, તેનું મુખ્ય કારણ લોકો પાસે રોકડા રૂપિયા નથી. લોકોની ખરીદશક્તિ ઘટી છે જેની સીધી અસર પહેલા ઓટોમોબાઈલ




પર પડી છે અને હવે રિયલ એસ્ટેટ પર પડવાની છે. નવી ગાડીઓ ખરીદવા માગતા વર્ગને પૂછવામાં આવતા તેઓ કહે છે કે હવે એક કે બે વર્ષ પછી બજારમાં ઈલેક્ટ્રિક ગાડીઓ આવી જશે તેથી પેટ્રોલ કે ડીઝલની ગાડીઓ અમે ખરીદતા નથી. ઈલેક્ટ્રિક ગાડી ભલે મોંઘી પડે પરંતુ તેમાં ફ્યુઅલ પુરાવાની કોઈ જફા નથી. પેટ્રોલ અને ડીઝલના વધતા જતા ભાવોને કારણે પણ લોકોએ વાહનો ખરીદવાનું ઓછું કર્યું છે. નવા વાહનોની સાથે સેકન્ડ યુઝ માર્કેટને પણ મોટો ધક્કો લાગ્યો છે. આમ પણ નવી ગાડીની સામે સેકન્ડ હેન્ડ ગાડીની કિંમત વચ્ચે માત્ર દોઠ થી બે લાખનો ફરક જોવા મળે છે. સેકન્ડ હેન્ડ બજારમાં ઓટો દલાલોએ તેમના કમિશનની રકમને ચાર ગણી વધારી દીધી છે. પહેલાં એક ગાડી પાછળ ૨૦ હજારનું માર્જીન તેઓ રાખતા હતા પરંતુ હવે એક લાખ રૂપિયા સુધીનું માર્જીન તેઓ રાખે છે.

**વિજય રૂપાણી ગુજરાતને PTC મુક્ત બનાવશે...**

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો કર્યા છે. અણધાર્યા ઓફિસરોને પ્રાઈમ પોસ્ટીંગ મળ્યા છે. રાજ્યમાં પહેલા તબક્કામાં થયેલી ૭૯ બદલીઓમાં રાજકોટમાં કામ કરી ચૂકેલા અને કામ કરી રહેલા અધિકારીઓને પ્રાઈમ પોસ્ટીંગ મળ્યા છે. સ્વાભાવિક છે કે રાજ્યના મુખ્યમંત્રી રાજકોટના છે અને આ અધિકારીઓની કામ કરવાની પદ્ધતિથી તેઓ વાકેફ હશે. હવે બીજા તબક્કામાં બાકીના જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને તેમની નીચેના ક્લાસ વન ઓફિસરોની બદલીઓ તોળાઈ રહી છે. આ સાથે રાજ્યમાં હજી જિલ્લા પોલીસ વડા તેમજ પોલીસ ભવનના ઉચ્ચ અધિકારીઓની બદલીઓ પણ થવાની છે. આ સાથે વહીવટી તંત્રમાં હજી પ્રમોશન આપવાના બાકી છે. પહેલી બદલીઓમાં ચર્ચાય છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની કુશાગ્રબુદ્ધિ કામ કરી ગઈ છે. સચિવાલયના એક અધિકારીએ કહ્યું હતું કે કરપ્શન ફ્રી ગુજરાત માટે આ પ્રકારની પહેલા તબક્કાની બદલી ખુબ મોટું કામ કરશે. સરકારી રિપોર્ટ છે કે રાજ્યના શહેરી વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ, ગૃહ વિભાગ, શિક્ષણ વિભાગ અને પંચાયતમાં સૌથી વધુ કરપ્શન થાય છે. આ વિભાગોમાં રોજનો એક કેસ એન્ટી કરપ્શન બ્યુરો પાસે આવે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી વારંવાર કહે છે કે ''ગુજરાતને P.T.C. મુક્ત બનાવવાનું અમરી સરકારનું લક્ષ્ય છે.'' એટલે કે રાજ્યને પ્લાસ્ટીક, ટોબેકો અને કરપ્શન ફ્રી બનાવવામાં આવશે. હવેની બદલીઓમાં પણ તે ધોરણ રાખવામાં આવી રહ્યું છે.

## ટ્રાફિક ભંગના દંડની રકમ રૂપાણી લાગુ કરશે, મધ્યપ્રદેશ-રાજસ્થાનનો ઇન્કાર

**ગુજરાતીઓ કરતાં મરાઠાઓ ખૂબ આગળ છે...**

ગુજરાતને પ્લાસ્ટીક ફ્રી અને ટોબેકો ફ્રી બનાવવાની જાહેરાત સરકારે રાજ્યના સ્થાપના દિન ૧લી મે ના રોજ કરી હતી પરંતુ આજદિન સુધી આ દિવસ આવ્યો નથી. જાહેરાત તો સારી છે પરંતુ તેનો અમલ કરવા માટે સરકાર પાસે મેનપાવર નથી. કોઈ વ્યક્તિ જાહેરમાં સિગારેટ પીવે છે તેને દંડનારની સત્તા વહેંચાયેલી નથી. પોલીસને આ કામ કરવું નથી, કારણ કે ખુદ પોલીસ આ ચૂંગાલમાં ફસાયેલી છે. આરોગ્ય વિભાગ પાસે અલગ સ્ટાફ નથી. પ્લાસ્ટીક ફ્રી ની આપણે વાતો કરીએ છીએ પરંતુ સચિવાલયની બહારના બજારને પણ આપણે પ્લાસ્ટીક ફ્રી બનાવી શક્યા નથી. ભલું થજો મરાઠી જનતાનું કે નવા વર્ષ- ગુડી પડવા ના દિવસે આખું મહારાષ્ટ્ર પ્લાસ્ટીક ફ્રી ઝોનમાં ફેરવાઈ ગયું છે. એ અગાઉ મહારાષ્ટ્રની સરકારે ટોબેકો ફ્રી રાજ્યની જાહેરાત કરી હતી. સરકારને તેનો અમલ કરતાં નાકે દમ આવી ગયો છે, કારણ કે પ્લાસ્ટીકના મેન્યુફેક્ચરર્સ અને ટોબેકોના ઉત્પાદકોએ આખા રાજ્યમાં સરકારના નિર્ણયનો વિરોધ કરી પ્રદર્શનો કર્યા હતા. એટલું જ નહીં પોલિટીકલ પ્રેશર પણ લાવવામાં આવ્યું હતું તેમ છતાં મહારાષ્ટ્રની ભાજપ-શિવસેનાની સંયુક્ત સરકાર મક્કમ છે. ગુજરાતની સરકાર મક્કમ હોવાની વાત તો દૂર રહી, સચિવાલયના પાર્કિંગ અને વોશરૂમમાંથી પણ પ્લાસ્ટીક અને તમાકુનો કચરો દૂર કરાવી શકતી નથી. કહેવાની ઈચ્છા થાય કે—''નિર્ણય લેવાની આપણામાં કેપેસિટી હોય તો, તેનો કડક અમલ કરાવવાની આપણી પાસે હિંમત હોવી જોઈએ.''